ક્રમાંક-મઉમશબ/ક/૪૬૯૪-૪૦૩૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦-બી,જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૨/૧૨/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ)

વિષય :- આગામી ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૬માં બોર્ડ દ્વારા યોજાનાર ધોરણ-૧૦ (એસ.એસ.સી.) અને ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ તેમજ ગુજકેટ-૨૦૨૬ ની જાહેર પરીક્ષાની કામગીરી અંગે.

શ્રીમાન,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૬માં લેવાનાર ધોરણ-૧૦ (એસ.એસ.સી.) અને ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાનપ્રવાહ/સામાન્યપ્રવાહના નિયમિત/રીપીટર/પૃથ્થક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ તા.૨૬/૦૨/૨૦૨૬ થી યોજાનાર છે. સદર પરીક્ષાની કામગીરીમાં સંકળાયેલા કોઈ પણ અધિકારી કે કર્મચારીના નજીકના સગાઓ એટલે કે પતિ/પત્ની/પુત્ર/પુત્રી/ભાઈ/બહેન/ઓરમાન પુત્ર-પુત્રી/ઔરસ પુત્ર-પુત્રી/સાવકા પુત્ર-પુત્રી કે લોહીના સંબંધ કે વિવાહ સંબંધના કારણે સગપણ ધરાવતા હોય અને ધોરણ-૧૦ (એસ.એસ.સી.) અને ધોરણ-૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાનપ્રવાહ/સામાન્યપ્રવાહ તેમજ ગુજકેટ-૨૦૨૬ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તો તેવા અધિકારી/કર્મચારીઓને પરીક્ષાલક્ષી કોઈપણ કામગીરી સોંપવી નહીં. તે અંગેની ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પણ જો તેમના નજીકના સગાની વ્યાખ્યામાં આવતા બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તો તે અંગેની જાણ અત્રેની કચેરીને **"gesbhscscience2025@gmail.com"** પર દિન-૦૭માં કરવાની રહેશે. જેની નોંધ લેશો.

(એ.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :-**

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.

**નકલ રવાના :-**

- નાયબ નિયામક (પરીક્ષા) (વિ.પ્ર.), ગુ.મા અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
- નાયબ નિયામક (પરીક્ષા) (સા.પ્ર.), ગુ.મા અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.
- નાયબ નિયામક (પરીક્ષા) (એસ.એસ.સી.), ગુ.મા અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર તરફ જાણ સારુ.

e:\kamlesh\letter\deo letter.docx